# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ ૧ ता. ૧૮/૦૨/૨૦૨૧

**રાજ્યસભાની બે બેઠકો માટે જાહેર કરેલ ઉમેદવારોશ્રી દિનેશભાઇ પ્રજાપતિ અને શ્રી રામભાઇ મોકરીયાએ તેઓના નામાંકનપત્રો રજૂ કર્યા હતા.**

---------

**નામાંકનપત્રો દાખલ કરવાના સમયે વંદે માતરમ્ અને ભારત માતા કી જયના નારાઓથી ગુજરાત વિધાનસભાનું સંકુલ ગુંજી ઉઠ્યું હતું.**

---------

**વિધાનસભામાં સંખ્યાબળના અભાવે અને કોંગ્રેસ તૂટી જવાની બીકે કોંગ્રેસ પક્ષ દ્વારા એક પણ હરીફ ઉમેદવાર ઉભો ન રાખવાની જાહેરાત કરવામાં આવી છે ત્યારે ભાજપાના આ બંને ઉમેદવારો બિન હરીફ વિજેતા જાહેર થવાના છે.**

-------

ભારતીય જનતા પાર્ટી મીડીયા વિભાગ એક અખબારી યાદી જણાવે છે કે, આજ .૧૮/૦૨/૨૦૨૧ના રોજ રાજ્યસભાની બે બેઠકો માટે જાહેર કરેલ ઉમેદવારોશ્રી દિનેશભાઇ પ્રજાપતિ અને શ્રી રામભાઇ મોકરીયાએ તેઓના નામાંકનપત્રો રજૂ કર્યા હતા. આ અવસરે વિધાનસભામાં સંખ્યાબળના અભાવે અને કોંગ્રેસ તૂટી જવાની બીકે કોંગ્રેસ પક્ષ દ્વારા એક પણ હરીફ ઉમેદવાર ઉભો ન રાખવાની જાહેરાત કરવામાં આવી છે ત્યારે આ બંને ઉમેદવારો બિન હરીફ વિજેતા જાહેર થવાના છે. આ બંને ઉમેદવારોના નામાંકનપત્રો ભરવાના સમયે રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાત પ્રદેશ ભાજપાના પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવ, ગુજરાત પ્રદેશ ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ, રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, મંત્રીમંડળના સભ્યો, ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, ગુજરાત પ્રદેશ ભાજપાના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. નામાંકનપત્રો દાખલ થયાં તે સમયે વંદે માતરમ્ અને ભારત માતા કી જયના નારાઓથી ગુજરાત વિધાનસભાનું સંકુલ ગુંજી ઉઠ્યું હતું.

**ડૉ.યજ્ઞેશ દવે**
**પ્રદેશ મીડિયા કન્વીનર,**